## સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાની નદીઓમાં રેતીનું થતું ગેરકાયદેસર વહન

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૧

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાંથી પસાર થતી નદીઓમાં ગેરકાયદેસર રીતે રેતીનું વહન કરવાની પ્રવૃત્તિ દિવસે..દિવસે વધી રહી હોવાથી નદીઓમાંથી રોજ ટનબંધ રેતીની ચોરી થઈ રહી છે અને સરકારી તિજોરીને રોયલ્ટીની ચોરીથી લાખોની ખોટ થતી હોવા છતાં સરકારી તંત્ર રેતી ચોરો સામે આંખ મીચામણાં કરતું હોય તેવું દેખાઈ રહ્યું છે. જિલ્લામાં ચાલતા મોટા ભાગના બાંધકામના કામોમાં ગેરકાયદેસર વહન થયેલ નદીની રેતીનો ઉપયોગ થતો હોવાનું બહાર આવ્યું છે ત્યારે તંત્ર નદીઓમાંથી રેતીની ચોરી કરનારાઓને સાણસામાં લે તેવી માંગ ઉઠવા પામી છે.

જિલ્લામાં ગેરકાયદેસર રીતે કપાતા વૃક્ષોની હેરાફેરી પછી જિલ્લાની નદીઓમાંથી ટનબંધ રેતીનું ગેરકાયદેસર રીતે વહન કરવાનું એક સુવ્યવસ્થિત નેટવર્ક છેલ્લા કેટલાય સમયથી ચાલી રહ્યું છે અને રેતીની ચોરીથી સરકારી તિજોરીને રોયલ્ટીમાં લાખોની ખોટ સહન કરવી પડે છે. જિલ્લાની નદીઓમાંથી બિન્દાસ રીતે રેતીનું ખોદકામ કરી ઉંચી કિંમતે વેચી દેવી તે બાબત સામાન્ય બની રહી હોય તેમ અનેક નદીઓમાં સવાર સાંજ રેતી ભરીને ટ્રેક્ટરો દોડવા લાગ્યાં છે. જિલ્લાની સાબરમતી, માઝૂમ, મેશ્વો, વાત્રક અને હાથમતી જેવી કેટલીક નદીઓના પટમાં કાયદેસરના લીઝ ધારકો કરતાં ગેરકાયદેસર રેતીની ચોરી કરનારા વાહનો

**રેતીના વહન સામે તંત્રનાં આંખ મીચામણાં**

વધુ જોવા મળી રહ્યાં છે. જિલ્લામાં રેતી ચોરો સામે તંત્રનાં આંખ મીચામણાંથી આ પ્રવૃત્તિ વધી હોય તેમ છેલ્લા કેટલાય સમયથી નદીઓમાંથી ગેરકાયદેસર રીતે રેતીનું ખનન કરી ચોક્કસ વાહનો દ્વારા ટનબંધ રીતે બારોબાર સગેવગે થતી હોવાની વિગતો પ્રકાશમાં આવી છે જ્યારે અગાઉ તંત્ર દ્વારા ખનિજ ચોરો સામે લાલ આંખ કરાતાં અનેક વાહનો ઝડપી લેવાયાં હતાં પરંતુ ગ્રામ્ય વિસ્તારોમાંથી પસાર થતી નદીઓના પટનું કોઈ જ રણીધણી ન હોય તેમ નદીના પટમાંથી રેતીનું ગેરકાયદે વહન કરવાની પ્રવૃત્તિ વધી ગઈ છે. જ્યારે નદીઓમાંથી રોયલ્ટી ભર્યા વગર લઈ જવાતી રેતીનો ઉપયોગ જિલ્લાના જ કેટલાક બાંધકામોમાં થતો જોવા મળી રહ્યો છે પરંતુ તંત્રએ આજદિન સુધી બાંધકામના સ્થળોએ જઈ કોઈ તપાસ હાથ ધરી ન હોવાથી માત્ર ગણ્યા ગાંઠ્યા કિસ્સાઓમાં જ રેતી લઈને જતાં વાહનો તંત્રના હાથ લાગતા હોય છે જ્યારે હજારો ટન રોયલ્ટી ભર્યા વગરની રેતી બાંધકામોમાં આરામથી વપરાઈ જતી હોય છે. છેલ્લા કેટલાય સમયથી નદીઓની રેતીનું ગેરકાયદે વહન કરવાની બુમ અનેક વિસ્તારોમાંથી ઉઠવા પામી છે. ત્યારે જિલ્લાનું જવાબદાર તંત્ર ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારોના સીમાડાઓમાંથી પસાર થતી નદીઓના પટમાં વોચ ગોઠવે તો અનેક વાહનો રેતીનું ગેરકાયદેસર વહન કરતાં ઝડપાઈ જાય તેમ છે.

## સાબરકાંઠા-અરવલ્લી કાતિલ ઠંડીના ધ્રૂજારાથી ધ્રૂજી ઉઠ્યું

### ઠંડીનું પ્રમાણ વધવાની સંભાવના : બાળકો વાયરલની ઝપેટમાં

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૧

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ગાઢ ધુમ્મસના ઓછાયા પછી કાતિલ ઠંડીના ઓળા જિલ્લાની ધરતી ઉપર ઉતરી આવતાં ઠંડીના ધ્રૂજારાથી આખો જિલ્લો સતત પાંચ દિવસથી ધ્રૂજી ઉઠ્યો છે. કાશ્મીર ખીણમાં થયેલા હીમપાતના પગલે જિલ્લામાં આગામી ૨૪ કલાકમાં ઠંડીનું કાતિલ મોજુ ફરી વળવાની સંભાવના વ્યક્ત કરાઈ રહી છે. કમોસમી માવઠું ધુમ્મસના ઓછાયામાં ઠંડીનું પ્રમાણ ઘટવું અને ફરીથી કાતિલ ઠંડીનું મોજૂ ફરી વળતાં જિલ્લાનાં હજારો બાળકો વાયરલ ફીવરની ઝપેટમાં આવી જતાં બે દિવસથી બાળરોગ હોસ્પિટલો બાળ દર્દીઓથી ઉભરાઈ રહી છે.

કાતિલ ઠંડીના સૂસવાટાથી સમયાંતરે જિલ્લામાં જનજીવન ઠંડુગાર બની રહેતું હોય છે. જ્યારે ડિસેમ્બર માસના અંત અને જાન્યુઆરી માસના આરંભમાં જિલ્લામાં કાતિલ ઠંડીનું મોજૂ હાવિ રહેતું હોવાનું હવામાનના આંકડા પરથી દેખાતું હોય છે. છેલ્લા બે દિવસથી કાશ્મીરી ખીણમાં થઈ રહેલી સતત હીમવર્ષાથી ઠંડા પવનોએ ઉત્તર ગુજરાત અને સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાને ઝપટમાં લઈ લીધું છે. જિલ્લામાં ગઈકાલ રાત્રિથી કાતિલ ઠંડીનું મોજુ હાવિ થતાં પાકાં મકાનો પણ બરફની શીલા સમાં બની રહ્યાં હતાં. જ્યારે ખુલ્લા માર્ગો બરફની પાટ પાથરી હોય તેવો અનુભવ અનેક રાહદારીઓને થયો હતો. જ્યારે નળમાંથી નિકળતાં પાણી પણ જાણે કે બરફમાંથી પાણી પસાર થતું હોય તેવી અનુભૂતિ અનેક લોકોને વહેલી પરોઢે દાતણ કરતી વેળાએ જણાઈ હતી. જિલ્લામાં કાતિલ ઠંડીનું મોજૂ આગામી ૨૪ કલાકમાં તેની તમામ મર્યાદાઓ પાર કરવાની આગાહી કરવામાં આવી રહી છે તે જોતાં જિલ્લામાં ૭ થી ૧૦ ડીગ્રી આસપાસ ઉષ્ણતામાનનો પારો રહેવાની સંભાવના રહેલી છે. જિલ્લામાં કાતિલ ઠંડીનું મોજૂ હાવિ થઈ જતાં પ્રજાને ફરજીયાત ગરમ વસ્ત્રો પહેરવાની ફરજ પડી રહી છે. ઠંડીનું મોજૂ ફરીથી હાવિ થયું છે.

## સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ઠંડીના આવરણમાં ક્રાઈમ રેટ ઘટ્યો પણ તસ્કરોનો ઉપદ્રવ વધ્યો

### કાતિલ ઠંડીમાં તસ્કરો છાગટા બન્યા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૧

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં કાતિલ ઠંડીના આવરણથી ગંભીર ગુનાઓ પર આપો આપ અંકુશ આવી ગયો છે પરંતુ ઠંડીના આવરણમાં તસ્કરો વધુ છાગટા બનતાં અન્ય ગુનાઓની સરખામણીમાં તસ્કરીના વધુ બનાવો પોલીસ દફતરે નોંધાઈ રહ્યા છે. જિલ્લામાં શિયાળાની સીઝન તસ્કરોને વધુ માફક આવી ગઈ હોય તેમ તસ્કરીના વધતા બનાવો ઉપરથી દેખાઈ રહ્યું છે.



દરેક ઋતુઓની આગવી ઓળખ હોય છે અને બદલાતી ઋતુની અસર પ્રજાના માનસ પટ ઉપર અચૂક જોવા મળતી હોય છે. જિલ્લામાં દર વર્ષે ઉનાળાના આકરા તાપમાં પ્રજાના મગજનો પારો તપી જતો હોય તેમ ગરમીની સીઝનમાં જ ગંભીર પ્રકારના ગુનાઓનું પ્રમાણ ઉંચકાઈ જતું હોય છે. જ્યારે શિયાળો શરૂ થાય એટલે આ પ્રકારના ગુનાઓ આપો આપ ઘટી જતા હોય છે. જિલ્લામાં કાતિલ ઠંડીના આવરણ સાથે ક્રાઈમ રેટ જરૂર ઘટ્યો છે પરંતુ તસ્કરો પોલીસને પડકાર ફેંકતા હોય તેમ ક્યાંક ને ક્યાંક મકાનો તથા દુકાનોને નિશાન બનાવી પ્રજાની મત્તા લૂંટી રહ્યા છે. જિલ્લામાં તસ્કરો શિયાળામાં જ વધુ સક્રીય થઈ જતા હોવાથી પોલીસને નાઈટ પેટ્રોલીંગ વધુ સઘન બનાવવાની જરૂરીયાત ઉભી થઈ છે પરંતુ ચબરાક તસ્કરો પોલીસને હાથ લાગતા નથી અને રોજ ઘરફોડ ચોરીના બનાવો વધી રહ્યા છે. જિલ્લામાં ઠંડીના આવરણથી ગંભીર પ્રકારના ગુનાઓ ઘટ્યા છે તો બીજી તરફ તસ્કરોનો ઉપદ્રવ અનેક ગણો વધી જતાં પોલીસ તથા પ્રજાની ઉંઘ હરામ થઈ ગઈ છે. જિલ્લામાં તસ્કરીના બનાવો રોકવાના તમામ પ્રયાસો નિષ્ફળ ગયા હોય તેમ કેટલાક બનાવો ઉપરથી દેખાઈ રહ્યું છે. જિલ્લામાં કાયદો વ્યવસ્થાની સ્થિતિ યથાવત જળવાયેલી રહે તેવા પોલીસના પ્રયાસો રહેતા હોય છે તેમ છતાં ઋતુઓ બદલાય એટલે તેની સીધી અસર ક્રાઈમ રેટ ઉપર અચૂક જોવા મળતી હોય છે. જિલ્લામાં ગંભીર ગુના આચરનારા તત્વો પણ ઠંડીના આવરણ હેઠળ આવી ગયા હોય તેમ ઘટેલા ક્રાઈમ રેટ ઉપરથી માનવું રહ્યું પરંતુ શિયાળાની ઠંડી તસ્કરો માટે વરદાન રૂપ સાબિત થતાં તસ્કરો છાગટા બન્યા છે.

## સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં કાતિલ ઠંડી બટાટા, વરીયાળીની ખેતીને ફાયદારૂપ

### ઘઉંની ખેતીને વધુ ફાયદારૂપ બનનારૂ ઠંડુ હવામાન

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૧

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં હાંજા ગગડાવી નાખે તેવી કાતિલ ઠંડીનું સ્ટીમ રોલર ફરી વળ્યું છે જો કે કાતિલ ઠંડીની આગાહી અગાઉથી થઈ હોઈ પ્રજાએ ઠંડીથી બચવા તમામ આગોતરી તૈયારીઓ કરી હતી. જિલ્લામાં કાતિલ ઠંડીથી બટાટા અને વરીયાળીની ખેતીને વધુ ફાયદો થવાનું ખેડૂતો માની રહ્યા છે જ્યારે ૯૦ હજાર હેક્ટરથી વધુ જમીનમાં લહેરાતી ઘઉંની ખેતીને ઠંડુ હવામાન અગણિત ફાયદો આપવાની સાથે પાક ઉત્પાદન પણ વધુ થવાની સંભાવના ખેડૂતોએ વ્યક્ત કરી છે.

ઠંડી પ્રજાને ગમતી નથી અને ખેતી-ખેડૂતોને ઠંડી પ્રિય બની જતાં ક્યાંક જાણે અંજાનો ખેડૂત પરિવારોમાં ઠંડીને લઈને બહાર નિકળવામાં ખટરાગ જોવા મળી રહ્યો છે. જિલ્લામાં શિયાળાના આગમન સમયે સામાન્ય ગરમી અનુભવાતાં ધરતીપુત્રો ચિંતામાં સરી પડ્યા હતા અને ત્યાર પછી કમોસમી માવઠાએ જિલ્લામાં ચોમાસા જેવી જમાવટ કરતાં રવી ખેતી કરનાર ખેડૂતો મોટી સંખ્યામાં નાસીપાસ થઈ ગયા હતા. તેમ છતાં ખેતીએ પારંપારીક વ્યવસાય હોઈ ખેડૂતોએ કમોસમી માવઠાથી માઠું નુકસાન થવા છતાં રવી ખેતીમાં ધ્યાન પરોવ્યું હતું અને જિલ્લામાં દોઢ લાખથી પણ વધુ જમીનમાં રવી ખેતીનું વાવેતર થયા પછી ખેડૂતો સિંચાઈના પાણી મળવાને લઈને તેની માવજતમાં લાગી ગયા છે. હાલ ખેડૂતોએ રવી ખેતીમાં ખાતર અને દવાનો પટ આપી દીધો છે.



ખેડૂતોએ રવી ખેતીની માવજતમાં તમામ તાકાત કામે લગાડી દીધી છે. હાલ જિલ્લામાં એક સપ્તાહથી કાતિલ ઠંડીનું મોજૂ હાવિ થઈ જતાં સમી સાંજથી પરોઢનું જનજીવન અસ્ત..વ્યસ્ત બની ગયું છે. તેમ છતાં ખેડૂતો ખેતી એકમાત્ર આજીવિકાનું સાધન હોઈ ખેતીમાં વધુ..ને..વધુ મન પરોવી રહ્યા છે. હાલ કાતિલ ઠંડીને લઈને વરીયાળી અને બટાટાની ખેતીને ધારણા કરતાં વધુ ફાયદો થઈ રહ્યો છે અને તે લહેરાતી ખેતી ઉપરથી દેખાઈ રહ્યું છે. તે જ રીતે ઘઉંની ખેતી ઉપર ખેડૂતોનો મોટો મદાર હતો તે જોતાં કુદરતે માવઠાંમાં થયેલી નુક્સાની ખેડૂતોને સરભર કરી આપવાનો નિર્ણય કર્યો હોય તેમ ઘઉંની ખેતી માટે જરૂરી એવું ઠંડુ હવામાન ઘઉંના પાકને મહત્તમ ફાયદો આપશે તેમ દેખાઈ રહ્યું છે. જિલ્લામાં આ વર્ષે પણ ગત વર્ષની લગોલગ ઘઉંનું વાવેતર થયાનું જાણવા મળ્યું છે.

## ઉચ્ચ પોલીસ અધિકારીએ ગુપ્ત રીતે રેડ કરી, માલપુર પોલીસ ઉંઘતી ઝડપાઈ

### મોડાસા-બાયડના નાયબ મામલતદાર દારૂ પીધેલી હાલતમાં ઝડપાતા ચકચાર : સરકારી તંત્રની આબરૂના ધજાગરા ઉડ્યા, સરકારી બાબુઓ નશાના રવાડે ચડતાં પ્રજામાં ફિટકાર

હિંમતનગર તા.૦૧

દારૂની રેલમછેલથી બદનામ થઈ રહેલા અરવલ્લી જિલ્લામાં તા.૩૧ ડિસેમ્બરની રાત્રિને રંગીન બનાવવા માટે અનેક ઠેકાણે દારૂની મહેફિલ જામી હતી ત્યારે માલપુર તાલુકાના અણીયોર નજીક દારૂની મહેફિલ પાર્ટીમાં ઉચ્ચ પોલિસ અધિકારીએ ગુપ્ત રીતે રેડ કરી મોડાસા અને બાયડમાં નાયબ મામલતદાર તરીકે ફરજ બજાવતાં ૨ કર્મચારીઓને ઝડપી લેતાં જિલ્લાભરમાં સનસનાટી મચવાની સાથે સરકારી તંત્રની આબરૂના ધજાગરા ઉડ્યા છે. અત્યાર સુધી પોલિસ કર્મીઓ દારૂ ઢીચેલી હાલતમાં પકડાતાં હતા. હવે નાયબ મામલતદાર કક્ષાના અધિકારીઓ પીધેલી હાલતમાં ઝડપાતા પ્રજામાં ફિટકાર જોવા મળી રહ્યો છે.

મળેલી વિગતો અનુસાર અરવલ્લી નાયબ પોલિસ વડા ભરત બસીયાએ અત્યાર સુધી કોઈની પણ સેહશરમમાં આવ્યા વગર મોડાસા ગ્રામ્ય, માલપુર અને બાયડ પોલિસ સ્ટેશનની હદમાં ચાલતા જુગારધામ પકડી હાઈ પ્રોફાઈલ લોકોને લોકઅપમાં ધકેલી દીધા હતા પરંતુ કોઈપણ કારણોસર નિષ્ઠાવાન અધિકારીને સાઈડલાઈન કરાયા હોય તેવી લોકચર્ચાઓએ જોર પકડ્યું હતું. જેના કારણે સમગ્ર જિલ્લામાં દારૂ અને જુગારની બદી વકરી છે. ગતરોજ જિલ્લાના કેટલાંક વિસ્તારોમાં કોઈ સરકારી બાબુઓ દારૂની મહેફિલ માણી રહ્યાની ફરીયાદો સામે આવી હતી. સ્થાનિક પોલિસ ઉપર બાતમીદારને ભરોસો ન હોવાથી કહેવાય છે કે ઉચ્ચ પોલિસ અધિકારીને બાતમી હોય તે રીતે તા.૩૧ના રોજ રાત્રે અણીયોર નજીકના પેટ્રોલ પંપ ઉપર ઉચ્ચ પોલિસ અધિકારી અને તેમની ટીમ રેડ કરતાં ૪ પૈકી ૨ ઈસમ પીધેલી હાલતમાં ઝડપાયા હતા. મોડાસાની સોસાયટીમાં રહેતા બંને જણ નાયબ મામલતદાર તરીકે મોડાસા અને બાયડમાં ફરજ બજાવતાં હોવાનું પણ જાણવા મળ્યું છે. નશામય હાલતમાં નાયબ મામલતદાર જૈમિનકુમાર બાબુભાઈ પટેલ અને નિલેષકુમાર અરવિંદભાઈ પટેલ ઝડપાતાં માલપુર પોલિસે તેમની અટકાયત કરી રાત્રે જામીન ઉપર મુક્ત કર્યા હતા. જ્યારે તેમની સાથે પાર્ટીમાં બેઠેલા અન્ય નાયબ મામલતદાર સંદિપકુમાર મણીલાલ ચૌધરી અને સ્થાનિક દશરથ વસંતભાઈ ઉપાધ્યાયની પણ પોલિસે તપાસ કર્યાનું જાણવા મળ્યું છે પરંતુ આ બંને એ કોઈપણ પ્રકારનો નશો કર્યો ન હોવાનું પોલિસ જણાવી રહી છે.

### મહેફિલ પાર્ટીને પોલીસ દ્વારા મોડી રાત્રિ સુધી છુપાવવાનો પ્રયાસ

માલપુર પોલિસ અનેક બાબતો છુપાવી રાખવા માટે પંકાયેલી છે. માલપુર નજીકથી કેટલાંક સરકારી કર્મચારીઓ પીધેલી હાલતમાં ઝડપાયાનું બહાર આવતાં પોલિસ સ્ટેશનના ફોન રણકતાં થઈ ગયા હતા. પી.એસ.આઈ. તેમજ પી.એસ.ઓ. દ્વારા રાત્રિના ૧૦ સુધી પ્રોહિબેશનનો કોઈ કેસ નોંધાયો ન હોવાનું રટણ ચાલું રાખ્યું હતું. એક રીતે માલપુર પોલિસે મહેફિલ પાર્ટીને રાત્રિ સુધી છુપાવવાનો આડકતરો પ્રયાસ કર્યાનું ચિત્ર ઉપસ્યું છે.

## વીએચપીના ઉત્તર ગુજરાતના પ્રાંત મંત્રી તરીકે નલીનભાઈ પટેલની વરણી

બાયડ તા.૧

હિંમતનગર શહેરના નલીનભાઈ આર. પટેલ વિશ્વ હિન્દુ પરિષદ માં ઉત્તર ગુજરાતના સહમંત્રી તરીકે માંથી તેમને ઉત્તર ગુજરાત પ્રાંતના પ્રાંત મંત્રી તરીકે નિયુક્ત કરવામાં આવેલ છે. નલીનભાઈ પટેલ કુશળ નેતૃત્વ, કાર્યકર્તાની પ્રેરણાસ્રોત, ધર્મરક્ષા માટે સતત સેવા કરતા હોય છે તેઓ અનેક સામાજીક સેવા કાર્યો પણ કરતા હોય છે. તેઓશ્રી હિંમતનગર નાગરિક બેંકના ડીરેકટર, મોડાસીયા કડવા પાટીદાર સમાજના આગેવાન, તેમજ એક્સપર્ટ યામાહા નો હિંમતનગરમાં શોરૂમ પણ ધરાવે છે અને પ્રિન્ટિંગ પ્રેસના વ્યવસાય સાથે પણ સંકળાયેલા છે તેમની ઉત્તર ગુજરાત પ્રાંતમાં મંત્રી તરીકે એટલે લગભગ ૧૪ જિલ્લાઓનો સમાવેશ થાય છે તેમાં અમદાવાદ, ગાંધીનગર, ખેડા, પાટણ, મહેસાણા, નડિયાદ, પાલનપુર, સાબરકાંઠા, અરવલ્લી વગેરે જિલ્લાઓનો સમાવેશ થાય છે. નલીનભાઈની નવી નિયુક્તિ થવાથી સંઘના આગેવાનો, તેની વિવિધ ભગીની સંસ્થાઓ ના આગેવાનો, કાર્યકરો તેમજ વિવિધ સમાજના આગેવાનોએ શુભેચ્છા પાઠવી અભિનંદન પાઠવ્યા હતા.

## ખેડબ્રહ્માના આદિવાસી વિસ્તારોમાં કન્યા વિક્રય : દલાલો ફરીથી સક્રિય થયા

### પૈસા લઈ આદિવાસી યુવતીઓને અન્ય જ્ઞાતિઓમાં પરણાવવાનો ધંધો શરૂ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૧

ખેડબ્રહ્મા તાલુકાના આદિવાસી વિસ્તારોમાં ગરીબ આદિવાસી પરિવારોની યુવતીઓને અન્ય જ્ઞાતિઓના યુવાનો સાથે પૈસા લઈને પરણાવી દેવાનો ધંધો થોડાક સમય માટે બંધ થયા પછી ફરીથી આ વિસ્તારમાં કન્યા વિક્રયનો ધંધો કરનારા દલાલો સક્રિય થયા છે અને આદિવાસી યુવતીઓના લગ્નો ગોઠવી દલાલો મોટી રકમ હજમ કરી જતા હોવાની વિગતો બહાર આવી છે. છેલ્લા કેટલાય સમયથી કન્યા વિક્રયનો ધંધો ધમધમતો થયો હોય તેમ સવાર પડતાં જ અનેક કન્યા ઈચ્છુક પરિવારો ખેડબ્રહ્મા તરફની વાટ પકડી દલાલોના સંપર્ક કરી કન્યાઓ શોધતા હોવાનું દેખાઈ રહ્યું છે.

જિલ્લાના આદિવાસી વિસ્તારોમાં ગરીબ પરિવારોની કન્યાઓને પૈસા લઈને અન્ય જ્ઞાતિઓના યુવાનો સાથે પરણાવી દેવાનું રેકેટ અગાઉ બહાર આવતાં પોલીસ તંત્ર ઉંઘતું ઝડપાયું હતું અને ત્યારબાદ પોલીસે તપાસ આરંભતાં કેટલાક રાજકીય આગેવાનોની સંડોવણી બહાર આવતાં કન્યા વિક્રયનો ધંધો કરનારા દલાલો ભૂગર્ભમાં જતા રહ્યા હતા પરંતુ હવે ફરીથી ખેડબ્રહ્મા તાલુકાના આદિવાસી વિસ્તારોમાં કન્યા વિક્રયનું દૂષણ શરૂ થયું હોય તેમ પૈસા લઈને યુવતીઓને અન્ય

● અનુસંધાન પાના - ૭ પર

## સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં કાતિલ ઠંડી સાથે માટલાં બનાવવાની કામગીરીનો ધમધમાટ

### શિયાળામાં તૈયાર થતાં માટલાં ઉનાળામાં ફ્રીજની ગરજ સારે છે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૧

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં કાતિલ ઠંડીના મોજાથી જનજીવન ઠૂઠવાઈ ગયું છે ત્યારે કડકડતી ઠંડીમાં તૈયાર થતાં માટલાં ઉનાળામાં ફ્રીજની ગરજ સારતાં હોવાથી જિલ્લાના મોટા ભાગના વિસ્તારોમાં અત્યારે પ્રજાપતિ પરિવારો માટલાં બનાવવાની કામગીરીમાં જોતરાયા છે જ્યારે કાળઝાળ ગરમીમાં પાણી ઠંડુ રાખે તેવાં માટલાંના નિર્માણ માટે શિયાળો ઉત્તમ હોવાથી અનેક વિસ્તારોમાં માટલાં બનાવવાની કામગીરી પૂરજોશમાં શરૂ થઈ છે.



જિલ્લામાં કાષ્ઠકલા મોટા ભાગના વિસ્તારોમાંથી લુપ્ત થઈ ગઈ છે પરંતુ આજના આધુનિક યુગમાં પણ માટીકલાના કારીગરો એ જ જૂના પુરાણા ચાકડા ઉપર માટીના લાંદા ગોઠવી માટીને આકાર આપી માટીમાંથી ઘરવપરાશનાં વાસણો બનાવી રોજગારી મેળવી રહ્યા છે. રાજ્ય સરકારે માટીના વાસણો બનાવતા પરિવારોને અગાઉ ઈલેક્ટ્રીક ચાકડા આપવાની શરૂઆત કરી હતી પરંતુ કોઈપણ કારણોસર માટીકલાના કારીગરોને આધુનિક ચાકડા માફક ન આવતાં અને વિજ બીલ મોંઘુ પડતું હોવાથી અનેક કારીગરોએ ઈલેક્ટ્રીક ચાકડાને બદલે હાથથી ફેરવાતા ચાકડાને જ મહત્વ આપ્યું હતું અને તેના દ્વારા જ હાલમાં પણ માટીનાં વાસણો તૈયાર થઈ રહ્યાં છે. જિલ્લામાં શિયાળાની કડકડતી ઠંડી સૌના હાંજા ગગડાવી રહી છે અને ઠંડીના માહોલમાં ઉનાળાની તૈયારી થાય તો થોડુંક અજુગતું લાગે પરંતુ કાળઝાળ ગરમીના દિવસોમાં પાણી ઠંડુ રાખે તેવા માટલાંના નિર્માણ માટે તો શિયાળો વધુ અનુકુળ આવતો હોવાથી જિલ્લાના પ્રજાપતિ પરિવારોએ કાતિલ ઠંડીમાં પણ માટલાં બનાવવાની શરૂઆત કરી દીધી છે. શિયાળાની હાડથીજવતી ઠંડીમાં તૈયાર થયેલાં માટલાં નિભાડામાં પકવી ખુલ્લા આકાશ નીચે જ મૂકી રાખવામાં આવતાં હોવાથી ઠંડી ઋતુમાં તૈયાર થયેલાં માટલાં ઉનાળામાં પાણીને ઠંડુગાર રાખતા હોય છે. એટલે જ ખાસ કરીને શિયાળામાં પકવેલાં માટલાંની વધુ માંગ રહેતી હોય છે. જિલ્લામાં કાતિલ ઠંડીનો દોર શરૂ થતાં જ ગ્રામ્ય વિસ્તારોમાં માટલાં બનાવવાની કામગીરી શરૂ થતાં અનેક વિસ્તારોમાં માટી કલાના કારીગરો ચાકડા ઉપર માટીના વાસણો બનાવતા નજરે પડી રહ્યા છે. જિલ્લામાં ઉનાળો શરૂ થાય અને તરસથી ગળાં સૂકાય ત્યારે માટલાંનું ઠંડુ પાણી ફ્રીજની ગરજ સારતું હોવાથી જિલ્લામાં શિયાળો શરૂ થતાં જ માટી કલાના કારીગરોએ ઉનાળાની તૈયારીઓ શરૂ કરી છે.